# ચશ્માની શોધ કરનારને હજારો સલામ!

સ્વસ્થ માનવ આંખ ૫૭૬ મેગા પિક્સલના કેમેરાનું કામ કરે છે. આંખો બહારથી સ્વસ્થ દેખાતી હોય તે છતાં ન દેખાય કે જોવામાં મુશ્કેલી થાય ત્યારે જે અકળામણ થાય એ અકળામણમાંથી છુટકારો અપાવતું એક સામાન્ય સાધન હોય તો એ છે ચશ્મા. ચશ્માનો ઈતિહાસ અંદાજે સાતસો વર્ષથી પણ જૂનો છે. ચશ્માની શોધ ૧૨૮૬માં ઈટાલીના પીઝા નગરના એક હસ્તકારીગરે કરી હોવાનું કહેવાય છે. પરંતુ દુ:ખની વાત એ છે કે જગતને એક મોટી ભેટ આપી જનાર ચશ્માના શોધકનું નામ કોઈ જાણતું નથી. જોકે ચશ્માની શોધને લોકભોગ્ય બનાવનાર હતા એક રોમન કેથેલિક ભિક્ષુ. તેમનું નામ હતું આલેજાન્દ્રો ડેલા સ્પિના.

વેનીસમાં કાચ ઉદ્યોગના વિકાસ દરમિયાન તેરમી-ચૌદમી સદીમાં ચશ્માને લોકપ્રિય બનાવવામાં અને તેના ઉત્પાદનમાં મહત્વનું કામ આલેજાન્દ્રોએ કર્યું. ઈટાલીના કવિ પેટ્રાર્કે (૧૩૦૪ થી ૧૩૭૪) પોતાનાં પુસ્તક 'લેટર્સ ટુ પોસ્ટારિટી'માં પોતાની નબળી દૃષ્ટિને કારણે ચશ્માનો ઉપયોગ કરતા હોવાનો ઉલ્લેખ કર્યો છે. ચીનમાં પણ ૧૫મી સદીમાં ચશ્માના પ્રયોગના ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ દૂરની નબળી દૃષ્ટિ માટેના કાચનો પ્રયોગ ૧૬મી સદીથી પહેલા થવા લાગ્યો હતો. શરૂઆતમાં આંખોની નબળી દૃષ્ટિનું સાચું નિદાન કરવું મુશ્કેલ હતું. તેથી લાંબા સમય સુધી લોકોને વાપર્યા પછી જ સાચા કે ખોટા (Trial and Error) નો જ આશરો લેવો પડ્યો હતો. જેમ જેમ તબીબી વિજ્ઞાનના આધુનિક ઉપકરણો શોધાવા માંડ્યા તેમ તેમ તે દૃષ્ટિખામીનું સચોટ નિદાન થવા માંડ્યું. જે આજે કમ્પ્યુટર આધારિત અત્યંત સૂક્ષ્મ અને સચોટ પરીક્ષણ કક્ષાએ પહોંચ્યું છે, એટલે હવે દૃષ્ટિખામીમાં ચશ્માની જગ્યાએ કીકીના માપના કોન્ટેક્ટ લેન્સ પણ ઉપલબ્ધ છે.

ભારતમાં બોલાતો ચશ્મા શબ્દ ફારસી શબ્દ ચશ્મ પરથી આવેલો છે. જેનો અર્થ થાય છે આંખ. પોલીસખાતું અને ન્યાયખાતું નજરે જોનાર સાક્ષી માટે ચશ્મદીદ શબ્દ વાપરે છે.




**આપણી આંખની કુદરતી રચના એવી છે કે તેજ પ્રકાશમાંથી ઓછા પ્રકાશમાં કે તેથી ઊલટી સ્થિતિમાં જવાનું થાય છે ત્યારે આંખની કીકી વારંવાર સાંકળી-પહોળી થાય છે**

**ઘટ ઘટ પાની**

★ માવજી મહેશ્વરી

ચશ્મા માટે હિન્દીમાં એનક શબ્દ વપરાય છે. અને અંગ્રેજીમાં તેને આઈ ગ્લાસ કહે છે. જોકે જેમ જેમ તકનીકીનો વિકાસ થયો તેમ તેમ ચશ્મા અને આંખો સાથે જોડાયેલાં તથ્યો આધારિત ચશ્મા શોધાતા ગયા. આજે વિવિધ હેતુઓ માટેના ચશ્મા બજારમાં મળે છે. જેની કિંમત સો રૂપિયાથી માંડી લાખો રૂપિયા સુધી થાય છે. ચશ્મા મૂળ બે પ્રકારના છે. એક દૃષ્ટિની ખામી માટે પહેરાય છે અને બીજા આંખોને પ્રકાશની અસરથી બચવા માટે પહેરવામાં આવે છે. પહેલો પ્રકાર એક જરૂરિયાત છે અને બીજો શોખ ખાતર પહેરવામાં આવે છે. જોકે જેને શોખ ખાતર પહેરવામાં આવતા ચશ્મા કહે છે તે પણ વાસ્તવમાં અત્યંત જરૂરી હોય છે. સૂરજના તેજ કિરણોથી આંખોને બચાવવા પહેરાતા ચશ્માને ગોગલ્સ અને સન ગ્લાસીસ કહે છે. જે લોકોને લાંબા સમય સુધી તડકામાં કામ કરવાનું હોય છે અથવા જેમને અતિ તેજ પ્રકાશ વચ્ચે કામ કરવાનું હોય તેઓ પોતાની આંખની રોશનીને રક્ષણ આપવા આવા ચશ્મા પહેરે છે. આપણી આંખની કુદરતી રચના એવી છે કે તેજ પ્રકાશમાંથી ઓછા પ્રકાશમાં કે તેથી ઊલટી સ્થિતિમાં જવાનું થાય છે ત્યારે આંખની કીકી વારંવાર સાંકળી-પહોળી થાય છે. કેટલાક લોકોને આવી સ્થિતિમાં અસુવિધા અનુભવે છે એટલે જ ફિલ્મ જગત સાથે જોડાયેલા લોકો, રણ અને બર્ફીલા પર્વતો પર કામ કરતા વ્યક્તિઓ રંગીન કાચના ચશ્મા પહેરેલા દેખાય છે. સમુદ્રની અંદર સંશોધન કરનારા અને વેલ્ડિંગ જેવા તીવ્ર પ્રકાશમાં કામ કરતા લોકો ખાસ પ્રકારના ચશ્મા પહેરે છે. કેટલાક લોકોને સૂર્યના પારજાંબલી કિરણોની સીધી અસર થતી હોય છે. એવા લોકો માટે ખાસ પ્રકારના ચશ્મા બનાવવામાં આવે છે. કોઈ સમયે ચશ્મામાં કાચ વપરાતો, હવે પ્લાસ્ટિક અને પોલી ફાયબરનો પણ ઉપયોગ થાય છે.

રંગીન કાચના ચશ્મા (ગોગલ્સ) ૧૯૪૦ની આસપાસ આવ્યા અને ત્યારથી લોકપ્રિય રહ્યા છે.

ગોગલ્સની લોકપ્રિયતા વધારવામાં ભારતીય ફિલ્મી જગતના અદાકારોનો મોટો ફાળો છે. આંખો ન દેખાય તેવા કાળા ચશ્મા ચોક્કસ પ્રકારનો ભાવ કે ભય ઊભો કરે છે. ખાસ કરીને જાસૂસો કાળા રંગના ચશ્મા પહેરે છે.

ઉપરાંત દેશની મોટી હસ્તીઓની સુરક્ષામાં રહેતા સાદા કપડામાં ફરતા કમાન્ડોઝ પણ કાળા રંગના ચશ્મામાં જોવા મળે છે. ચશ્મા રોજબરોજની ચીજ છે.

એ ભુલાઈ જવા, બદલાઈ જવા જેવા માનવસહજ બનાવો પરથી અનેક હાસ્યલેખો લખાયા છે. હિન્દી ફિલ્મ જગતમાં શિક્ષક, પ્રોફેસર અને મુનિમનું પાત્ર ભજવનારા કલાકારોને ફરજિયાત ચશ્મા પહેરાવાયા છે.

દિલ્લગી ફિલ્મના બે પ્રોફેસર જેમાં એકને દૂરના ચશ્મા અને બીજાને નજીકના હોય છે. બેય સામે આવે ત્યારે એક ચશ્મા પહેરે અને એક ઉતારે એ દૃશ્ય ફિલ્મમાં મહત્વનું બની રહ્યું છે. એક સમયે ચશ્મા એ વધતી વયની નિશાની ગણાતી, ચશ્મા પહેરેલા માણસો ઓછા જોવા મળતા. ચશ્મા પહેરતા વ્યક્તિ માટે ચશ્મીસ શબ્દ વપરાતો. હવે પ્રતિદિન તેની સંખ્યા વધી રહી છે.

---

### પાના 4 નું શેષ... ગ્રાહકમંચ

સર્વેયરના હકારાત્મક તારણોને મનસ્વી રીતે (Arbitrarily) નકારી શકે નહીં.

૪. વાંધા સાથે ચૂકવણી નો મહત્ત્વનો કાનૂની સિદ્ધાંત

કેસઃ મે. ધ બુક પોઈન્ટ વિ. યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિ.

પુસ્તક વિક્રેતાની દુકાનમાં પાણી ભરાતાં લાખો રૂપિયાનું નુકસાન થયું. કંપનીએ અન્યાયી કપાતો કરીને ખૂબ ઓછી રકમ ઓફર કરી. આર્થિક મજબૂરીના કારણે ગ્રાહકે રકમ સ્વીકારી પરંતુ ડિસ્ચાર્જ વાઉચર પર સ્પષ્ટ શબ્દોમાં 'Payment Received Under Protest' (વાંધા સાથે રકમ સ્વીકારી છે) લખીને સહી કરી. બાદમાં ગ્રાહક કમિશને ચુકાદો આપ્યો કે વાંધા સાથે સ્વીકારેલી રકમને 'અંતિમ સેટલમેન્ટ' ગણી શકાય નહીં અને ગ્રાહક બાકીની વાજબી રકમ મેળવવા હકદાર છે. વીમા કાયદામાં આ ચુકાદો માઈલસ્ટોન ગણાય છે.

૫. અખબારોમાં પ્રકાશિત પૂરના અહેવાલો પણ કાયદેસર પુરાવો બની શકે

કેસઃ મે. ભરૂચા એન્ડ સન્સ વિ. ધ ન્યૂ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિ.

ગોડાઉનના નુકસાનના કેસમાં વીમા કંપનીએ પૂરની ગંભીરતા સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. ફરિયાદીએ SMCના સત્તાવાર દાખલાઓ સાથે પૂરના દિવસોમાં અખબારોમાં પ્રકાશિત થયેલા સમાચારો તથા તસવીરો પુરાવા તરીકે રજૂ કર્યા. ગ્રાહક કમિશને આ અખબારી અહેવાલોને વિશ્વસનીય અને સ્વીકાર્ય પુરાવા તરીકે માન્ય રાખ્યા અને વીમા કંપનીનો બચાવ ફગાવીને ગ્રાહકને સંપૂર્ણ ન્યાય આપ્યો.

૬. પૂરની પરિસ્થિતિમાં 'સીપેજ' (ભેજ) પણ પૂરનો જ ભાગ (Inundation) ગણાય

કેસઃ જય ચામુંડા યાર્ન ટ્રેડર્સ વિ. બજાજ એલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિ.

આ કેસમાં ગોડાઉનમાં રાખેલો માલ ખરાબ થઈ ગયો હતો. વીમા કંપનીએ એવી ટેક્નિકલ દલીલ કરી કે નુકસાન સીધા પૂરના પાણીથી નહીં પરંતુ સીપેજ (છત કે દીવાલોમાંથી ભેજ ઊતરવાથી) થયું છે, જે પોલિસીમાં આવરી લેવાયેલું નથી. કમિશને ઐતિહાસિક સિદ્ધાંત આપ્યો કે જ્યારે સમગ્ર વિસ્તાર પૂરગ્રસ્ત હોય ત્યારે પૂરના કારણે થતું સીપેજ પણ પાણીના ભરાવા (Inundation)નો જ એક ભાગ ગણાય છે. તેથી કંપની ક્લેમ ચૂકવવાથી બચી શકે નહીં.

૭. પ્રીમિયમની ગણતરીમાં કંપનીની ભૂલનો ભોગ ગ્રાહક ન બને

કેસઃ મઢી વિકાસ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી વિ. યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિ.

ગોડાઉનમાં સંગ્રહિત ખાંડના મોટા જથ્થાને ભારે વરસાદ અને પૂરથી થયેલા નુકસાનના ક્લેમ અંગે વીમા કંપનીએ એવું બહાનું કાઢ્યું કે પોલિસી ઈસ્યુ કરતી વખતે પ્રીમિયમની ગણતરીમાં ભૂલથી ઓછી રકમ લેવામાં આવી હતી. તેથી ક્લેમમાંથી પ્રીમિયમની કથિત બાકી રકમ કાપી લેવામાં આવશે. ગુજરાત રાજ્ય ગ્રાહક કમિશને વીમા કંપનીને ઝાટકતાં કહ્યું કે, જો પ્રીમિયમની ગણતરીમાં કોઈ ભૂલ થઈ હોય તો તે કંપનીની આંતરિક બેદરકારી છે. તેનો ભોગ ગ્રાહકને બનાવી શકાય નહીં. પરિણામે ફરિયાદીને પૂરેપૂરો વીમા લાભ ચૂકવવાનો આદેશ કરવામાં આવ્યો.

૮. લડત લાંબી હોય તો પણ મજબૂત પુરાવા ન્યાય અપાવે છે

કેસઃ મે. ઝાપર સિન્થેટિક્સ વિ. ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ કંપની લિ.

ઔદ્યોગિક એકમમાં પ્લાન્ટ અને મશીનરીના નુકસાનના આ કેસમાં વીમા કંપનીએ વર્ષો સુધી ટાળટૂળ કરી. ગ્રાહકે ધીરજપૂર્વક કાનૂની લડત ચાલુ રાખી અને તમામ પુરાવા કમિશન સમક્ષ રજૂ કર્યા. અંતે, ગ્રાહક કમિશને તમામ દસ્તાવેજોના આધારે ફરિયાદીને રૂ. ૪૨.૫૮ લાખનો ક્લેમ મંજૂર કરી આપ્યો.

પૂરગ્રસ્ત વેપારીઓ અને નાગરિકો માટે વિશેષ કાનૂની માર્ગદર્શન (Essential Tips)

૧. તાત્કાલિક લેખિત જાણ (Immediate Intimation): નુકસાન થયાના ૨૪થી ૭૨ કલાકની અંદર વીમા કંપનીને ઈ-મેઈલ અથવા રજિસ્ટર્ડ પત્ર દ્વારા લેખિત જાણ કરો અને સત્તાવાર ક્લેમ નંબર મેળવી લો.

૨. વોટર માર્ક્સ અને ફોટોગ્રાફી (Water Marks Evidence): સર્વેયર આવે તેની રાહ જોયા વિના દુકાન કે ફેક્ટરીની દીવાલો પર પાણી કેટલા ફૂટ સુધી ચડ્યું હતું તેના સ્પષ્ટ 'વોટર માર્ક્સ' દેખાય તે રીતે મશીનરી, સ્ટોક, ફોટોગ્રાફ્સ અને વિડિયો તૈયાર કરી લો.

૩. સરકારી દસ્તાવેજો અને ન્યૂઝ કટિંગ્સ: મહાનગરપાલિકા, કલેક્ટર કચેરી, પંચાયત અથવા DICનું પૂર અંગેનું પ્રમાણપત્ર મેળવો. પૂરના દિવસોના અખબારોનાં કટિંગ્સ પણ કાનૂની પુરાવા તરીકે સાચવી રાખો.

૪. 'અન્ડર પ્રોટેસ્ટ'નો ઉપયોગ કરો: જો આર્થિક મુશ્કેલીના કારણે વીમા કંપની દ્વારા ઓફર કરાતી ઓછી રકમ સ્વીકારવી પડે, તો ડિસ્ચાર્જ વાઉચર પર સહી કરતાં પહેલાં ફરજિયાત 'Payment Received Under Protest' લખો. આનાથી બાકીની રકમ માટે કાનૂની કાર્યવાહી કરવાનો તમારો અધિકાર અકબંધ રહેશે.

૫. ટેક્નિકલ બહાનાથી ન ડરો: જો કંપની સીપેજ અથવા અન્ય કોઈ ટેક્નિકલ કારણ બતાવી ક્લેમ નકારે, તો ગભરાયા વિના ગ્રાહક સુરક્ષા કાયદાનો આશરો લો.

વીમા કંપની ક્લેમ નકારે એટલે તમારા અધિકારો સમાપ્ત થઈ જતા નથી. જો તમારું નુકસાન વાસ્તવિક હોય અને તમારા દસ્તાવેજો મજબૂત હોય, તો ગ્રાહક કમિશન તમને ન્યાય જરૂર અપાવી શકે છે. ૨૦૨૬ના પૂરપીડિતો માટે આ ઐતિહાસિક ચુકાદાઓ આશાનું એક મજબૂત કિરણ છે.